# International Day Against Drug Abuse & Illicit Trafficking

*"Spread love everywhere you go. Let no one ever come to you without leaving happier." -Mother Teresa*

*Article by*
**Ajay Patel**
Assistant Prof, Department of Social Work,
VBT's Institute of Social Science,
C. U. Shah University.




## પ્રસ્તાવના

યૌવન નીડર છે. લૌકિક કે અલૌકિક કોઈ ભય તેને ડરાવી શકે એમ નથી.. યૌવન પાસે મહત્વકાંક્ષા છે. તે આકાશને આંબવા માંગે છે. તે પાતાળમાં સોંસરવું ઉતરી જવા માંગે છે. યુવાનો પોતાની રચનાત્મક અને સર્જનાત્મક શક્તિના કારણે વિશ્વની કાયાપલટ કરવામાં સક્ષમ છે. પરંતુ આજનો યુવાન વ્યસન, કેફી પદાર્થોનું સેવન, ઈન્ટરનેટનો દુરૂપયોગ વગેરેમાં વ્યસ્ત છે. તેમાં વિશ્વમાં દરેક દેશમાં ડ્રગ્સનો દુરુપયોગ કરવામાં યુવાનોનું પ્રમાણ વધુ જોવા મળે છે. ડ્રગ્સ સામે વિજય પ્રાપ્ત કરવા માટે United Nations દ્વારા દર વર્ષે 26 જૂનના રોજ International Day Against Drug Abuse and Illicit Trafficking (નશીલી દવાઓનો દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી આંતરરાષ્ટ્રીય દિવસ) ની ઉજવણી કરવામાં આવે છે.

## International Day against Drug Abuse and Illicit Trafficking ની શરૂઆત

7 ડિસેમ્બર, 1987 માં United Nations General Assembly (UNGA) એ 26 જૂનને ડ્રગના દુરૂપયોગથી મુક્ત આંતરરાષ્ટ્રીય સમાજના લક્ષ્યને હાંસલ કરવા માટે કાર્યવાહી અને સહકારને

મજબૂત કરવાના તેના નિર્ધારની અભિવ્યક્તિ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. આ ઠરાવ 42/112 દ્વારા, સામાન્ય સભાએ ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી સામે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે માન્યતા મળી. આમ, ઈ.સ. 1989થી દર વર્ષે 26 જૂનના રોજ ઉજવવામાં આવે છે.

26 જૂનની તારીખ લિન ઝેક્સુ(Lin Zexu) દ્વારા હુમેન,ગુઆંગડોંગ (Humen, Guangdong) માં અફીણના વેપારને સમાપ્ત કરવાની યાદમાં છે. 7 ડિસેમ્બેર, 1987ના સામાન્ય સભા ઠરાવ 42/112 દ્વારા આયોજન કરવામાં આવી હતી.

26 જૂન, 1987ના રોજ વિયેનામાં 17-26 જૂન, 1987 દરમિયાન આયોજિત ડ્રગ દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી પર આંતરરાષ્ટ્રીય પરિષદમાં બે પુસ્તકો (Comprehensive Multidisciplinary Outline of Future Activities in Drug Abuse Control & Declaration of the International Conference on Drug Abuse and Illicit Trafficking) અપનાવવામાં આવી હતી. પરિષદે ભલામણ કરી હતી કે ડ્રગ્સના દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી સામેની લડતના મહત્વને ચિહ્નિત કરવા માટે વાર્ષિક દિવસની ઉજવણી કરવી જોઈએ. સંમેલનમાં 17 જૂન અને 26 જૂન તારીખો સૂચવવામાં આવી હતી, અને પછીની બેઠકોમાં 26 જૂનની પસંદગી કરવામાં આવી હતી.

આ દિવસે ઝુંબેશ, રેલીઓ, પોસ્ટર પ્રદર્શન અને અન્ય ઘણા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. વિવિધ દેશોના લોકો સાથે મળીને દિવસની ઉજવણી કરે છે.

**ડ્રગ્સ અને અપરાધ માટે સંયુક્ત રાષ્ટ્રનું મુખ્ય કાર્યાલયનું સ્થળ- વિયના, ઓસ્ટ્રિયા**

**ડ્રગ્સ અને અપરાધ માટે સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલયની સ્થાપના- ઈ.સ. 1997**

`

C. U. SHAH UNIVERSITY

### Theme of International Day against Drug Abuse and Illicit Trafficking

| No. | Year | Theme |
|---|---|---|
| 1 | 2021 | Share Drug Facts to Save Lives |
| 2 | 2020 | Better Knowledge for Better Care |
| 3 | 2019 | Health for Justice. Justice for Health |
| 4 | 2018 | "Listen First" as the first step to healthy and safe communities. |
| 5 | 2017 | "Listen first" of "listening to children and young people" as "the first step to help them grow healthy and safe, decreasing risk behaviors and drug use". |
| 6 | 2016 | “Listen First!”<br>Target Groups: The family, especially parents, Teachers, International, health, social and psychological decision-makers, Society in general. |
| 7 | 2015 | Let’s Develop Our Lives, our Communities and our Identities without Drugs |
| 8 | 2014 | Make Use of Your Health |
| 9 | 2013 | Make health your "new high" in life, not drugs |
| 10 | 2012 | Global Action for Healthy Communities without Drugs |
| 11 | 2011 | Drug is the perfect killer of the society |

United Nations Office on Drugs and Crime (UNODC) વ્યક્તિઓ, બિન-નફાકારક સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર અને સભ્ય દેશોને આ દિવસ નિમિત્તે તેના સોશિયલ મીડિયા અભિયાનમાં સામેલ થવા પ્રોત્સાહિત કરે છે અને તેમને સોશિયલ મીડિયા અભિયાનમાં પૂરા પાડવામાં આવેલા સંસાધનો પર ધ્યાન દોરવા આમંત્રણ આપે છે.

વિશ્વભરની વ્યક્તિઓ, સમુદાયો અને વિવિધ સંસ્થાઓ દ્વારા દર વર્ષે ટેકો આપવામાં આવે છે, આ વૈશ્વિક દિવસ પાલનનો ઉદ્દેશ ગેરકાયદેસર ડ્રગ્સને સમાજ માંથી દુર કરવાનો છે અને આ મોટી સમસ્યા વિશે જાગૃતિ લાવવાનો છે.

ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી સામેના 2021ના આંતરરાષ્ટ્રીય દિવસની થીમનો ઉદ્દેશ ખોટી માહિતીનો સામનો કરવાનો છે અને ડ્રગ્સ પર તથ્યો/હકીકત માહિતીને શેર કરવાને

પ્રોત્સાહન આપવાનો છે. આરોગ્ય જોખમો અને વિશ્વ ડ્રગની સમસ્યાને પહોંચી વળવા માટેના ઉકેલોથી માંડીને પુરાવા આધારિત નિવારણ, સારવાર અને સંભાળ સુધી.

**ભારતમાં ડ્રગ્સ અને માદક દ્રવ્યોનો દુરુપયોગ**

આ વર્ષે ફેબ્રુઆરીમાં ભારત સરકારે દેશમાં ડ્રગ્સના દુરુપયોગની હદ, પેટર્ન અને વલણ અંગે એક મોટો અહેવાલ બહાર પાડ્યો હતો.

National Drug Dependence Treatment Centre (NDDTC) દ્વારા રજૂ કરવામાં આવેલા "Magnitude of Substance Use in India" રિપોર્ટ મુજબઃ

**Opioids (heroin, morphine** વગેરે):

- ભારતમાં અંદાજે 2.6 કરોડ લોકોએ ઓપિઓઇડનો ઉપયોગ કર્યો છે અથવા તેનો ઉપયોગ કરે છે.
- ભારતમાં 60 લાખથી વધુ લોકો ઓપિઓઇડના ઉપયોગના કારણે વિકારો (Disorder) થી પીડાય છે.
- સૌથી સામાન્ય ડ્રગ હેરોઇન નો ઉપયોગ થાય છે અને ત્યારબાદ ફાર્માસ્યુટિકલ ઓપિઓઇડ્સ અને અફીણ આવે છે.
- ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને ગુજરાત ઓપિઓઇડ ના દુરુપયોગથી પીડાતા અડધાથી વધુ લોકોમાં ફાળો આપે છે.

**Sedatives and Inhalant**:

- આશરે 1.18 કરોડ લોકો **Sedatives and Inhalant** નો ઉપયોગ કરે છે.
- **Inhalant** ના ઉપયોગના કારણે 4.6 લાખ બાળકો અને 18 લાખ પુખ્ત વયના લોકોને મદદની જરૂર છે.
- પુખ્ત વયના લોકોની તુલનામાં બાળકો અને કિશોરોમાં ઉપયોગનું પ્રમાણ વધુ છે.
- ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી અને હરિયાણામાં ઓવરડોઝના પરિણામે બાળકોની વસ્તી ખૂબ જ વધારે છે.

`



**Injected Drugs (Through syringes and other mediums)** (સિરિંજ અને અન્ય માધ્યમો દ્વારા):

- 8.5 લાખથી વધુ લોકો પોતાની અંદર ડ્રગ્સ ઇન્જેક્ટ કરે છે અને વ્યસની છે.
- ઉત્તર પ્રદેશ (1,00,000), પંજાબ (88,000), દિલ્હી (86,000) સૌથી વધુ છે.
- ઇન્જેક્ટ કરવામાં આવેલી સૌથી સામાન્ય દવાઓ હેરોઇન (48%) છે અને બુપ્રેનોર્ફિન(Buprenorphine) (46%) છે.
- ડ્રગ્સ નું ઇન્જેક્શન આપનારા 27 ટકા લોકો એચઆઇવી જેવા રોગોને જોખમમાં રાખીને અન્ય લોકો સાથે તેમની જરૂરિયાત વહેંચવાનું સ્વીકારે છે.

**Alcohol** (આલ્કોહોલ):

- ભારતની કુલ વસ્તીના લગભગ 14.6% (16 કરોડ લોકો) દારૂના વપરાશકર્તા છે.
- દેશી દારૂ (દેશી) અને IMFL (Indian made foreign liquor-ભારતીય બનાવટનો વિદેશી દારૂ) પીણાંનો મુખ્યત્વે વપરાશ કરે છે.
- હાનિકારક/આશ્રિત આલ્કોહોલના ઉપયોગને કારણે લગભગ 6 કરોડ લોકો પીડાતા હોય છે અથવા મદદની જરૂર પડે છે એટલે કે દર ત્રણ આલ્કોહોલ વપરાશકર્તાઓમાં એક.
- ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, ત્રિપુરા, પંજાબ, ગોવા અને આન્ધ પ્રદેશમાં સૌથી વધુ દારૂનો ઉપયોગ પ્રચલિત છે.

**ભારતમાં નશીલા દ્રવ્યોનાં વ્યસનથી થતી સમસ્યા નિવારણના કાયદાકીય પગલાં**

- The Poisons Act-1919 (ધ પોઈઝનસ એક્ટ) કાયદા અંતર્ગત ઝેર વેચાણ સંબંધિત કાયદો ઘડવામાં આવ્યો હતો.
- The Dangerous Drugs Act-1930 (ધ ડેન્ઝરસ ડ્રગ એક્ટ)નો કાયદો ઘડવામાં આવ્યો હતો. આ કાયદા અંતર્ગત નશીલા દ્રવ્યોની ખેતી, ઉત્પાદન, આયાત અને નિકાસ પર

`



પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ કાયદાના ઉલ્લંઘન માટે કાનુની જોગવાઈ મુજબ ત્રણ વર્ષ જેલની સજા થઈ શકે છે. આ કાયદા અંતર્ગત સક્ષમ અધિકારીઓને સત્તા આપવામાં આવી હતી કે તેઓ શોધ ધરપકડ પણ કરી શકે છે.

- The Drugs And Cosmetics Act-1940 (ધ ડ્રગ્સ એન્ડ કોસ્મોટિક્સ એક્ટ)નો કાયદો અમલમાં આવ્યો હતો. જે અંતર્ગત નશીલા દ્રવ્યોનું ઉત્પાદન, વહેંચણી, આયાત અને નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.
- The Opium Act-1978 (ધ ઓપિયમ એક્ટ) ના કાયદા અંતર્ગત અફીણની માલિકી નિકાસ, આયાત, વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.
- The Narcotic Drugs and Psychotropic Substances Act-1985 મુજબ કલમ-15 અંતર્ગત એક વર્ષ, કલમ-24 મુજબ 10 વર્ષની સજા અથવા એક લાખ થી બે લાખ રૂપિયા સુધીનો દંડ અને કલમ-31 A અંતર્ગત મૃત્યુદંડ સુધીની જોગવાઈ કરવામાં આવી છે.

